Date:- 06-05-2024
Divya Bhaskar, Page-IV, Surat

### કુલ 24 પૈકી 3 કોચની પહેલી ટ્રેનની ડિલિવરી ડિસેમ્બર સુધીમાં મળી જશે

# ખજોદમાં ડ્રીમ સિટી મેટ્રો સ્ટેશનનું કામ 30 ટકા પૂર્ણ, મેઇન્ટેનન્સ-પાર્કિંગ ડેપો તૈયાર

**ભાસ્કર એક્સક્લુઝિવ**

લવકુશ મિશ્રા | સુરત

મેટ્રો માટે 3 કોચની 24 ટ્રેનનો સેટ એટલે કે 72 કોચ પૈકી પહેલી ટ્રેનની ડિલિવરી ડિસેમ્બર સુધીમાં મળી જશે. ખજોદમાં ડ્રીમ સિટી, લાઇન-1ના પ્રથમ સ્ટેશનનું કામ 30 ટકા પૂર્ણ થઈ ગયું છે તો નજીકમાં જ ડેપો પૂર્ણતાની આરે છે, જ્યાં ટ્રેનની મરામત, પાર્કિંગ, શિડ્યુલ ઈન્સ્પેક્શન લાઈન, વર્કશોપ, ઓવરહોલિંગ, અનશેડ્યુલ્ડ મેઈન્ટેનન્સ અને વ્હીલ પ્રોફાઈલિંગ જેવી કામગીરી કરાશે. ડ્રીમ સિટી સ્ટેશન પાસે ઈન્ટરચેન્જ રૂટ મારફત ટ્રેન ડેપોમાં જશે.

**ડિસેમ્બર પહેલાં ઈન્ટરચેન્જ અને ડેપો બની જશે :** ખજોદમાં 2.10 લાખ ચોમીમાં 346 કરોડના ખર્ચે મેન્ટેનન્સ ડેપો બની રહ્યો છે. અહીં વહીવટી ભવન પણ બનાવાશે. અહીં ઈન્ટરચેન્જ લાઇનના થાંભલા તૈયાર થઈ ગયા છે. હવે ગર્ડર ઉતારાશે. અધિકારીઓ કહે છે કે ડિસેમ્બર સુધીમાં ડેપો સુધી પહોંચવાનો રૂટ તૈયાર થઈ જશે, જેથી ટ્રેનના સેટ મૂકી શકાય.




**ટ્રેનના પાર્કિંગ માટે 8 લાઈન તૈયાર બની રહી છે : મેટ્રોના** અધિકારીઓનું કહેવું છે કે, લાઈન-1 માટે બની રહેલા ડેપોમાં 8થી વધુ પાર્કિંગ સ્ટેબલિંગ લાઈન બની રહી છે, જેના પર ટ્રેનના રેક્સ પાર્ક કરાશે. આ પાર્કિંગ લાઈનોને ઈન્ટરચેન્જ સાથે જોડાશે, જેના દ્વારા ટ્રેનો ડેપોની લાઈન છોડીને ડ્રીમ સિટી સ્ટેશન થઈ મેઈન લાઈન સાથે જોડાશે.

તસવીર : રિતેશ પટેલ